# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૮/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## કોવિડ– ૧૯ની સેકન્ડ વેવના સંદર્ભમાં એનપીએ એસએમએ ૧ અને એસએમએ ૨ નોર્મ્સમાં ૯૦ દિવસનો વધારાનો ઉમેરો કરવા ચેમ્બરની આરબીઆઇ ગવર્નર સમક્ષ રજૂઆત

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા કોવિડ– ૧૯ની સેકન્ડ વેવમાં સતત કથળી રહેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઇને ઉદ્યોગ–ધંધા ઉપર પડેલી માઠી અસરને પહોંચી વળવા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના પ્રુડેન્શિયલ નોર્મ્સ ફોર એસેટ કલાસિફિકેશનમાં દર્શાવેલી એસેટ ડાઉનગ્રેડ માટેની સમય મર્યાદામાં ૯૦ દિવસનો વધારો કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ગવર્નર શકિતકાંતા દાસને રજૂઆત કરવામાં આવી છે.

ઉપરોકત વધારાનો સમય તા. ૧લી એપ્રિલ ૨૦૨૧ના રોજ ચાલુ રહેલ કોઇપણ પ્રકારના લોન એકાઉન્ટને મળી રહે તેમ રજૂઆતમાં જણાવવામાં આવ્યું છે. આ અંતર્ગત રેગ્યુલર લોન ખાતામાંથી જો બેંકને ૧૮૦ દિવસ સુધી પેમેન્ટ નહી કરવામાં આવે તો જ એ ખાતાને એનપીએ ખાતા તરીકે વર્ગીકૃત કરવામાં આવે અને તે જ રીતે એસએમએ ૧ અને એસએમએ ૨ માં તા. ૧લી એપ્રિલ ૨૦૨૧ના રોજ આવતા ચાલુ બેંક ખાતાને પણ ઉપરોકત વધારાના ૯૦ દિવસનો ગ્રેસ પિરિયડ આપવામાં આવે.

હાલમાં કોવિડ– ૧૯ની પરિસ્થિતિને કારણે ધંધા વ્યવસાય સાથે જોડાયેલા મોટા ભાગના એકમોનો ધંધો સામાન્ય સંજોગોમાં થતો હોય તેવી સ્થિતિમાં નથી અને તેઓની કામકાજની ક્ષમતામાં પણ ૫૦ ટકા જેટલો ઘટાડો જોવામાં આવેલ છે. આ ઉપરાંત ઉત્પાદિત થતા માલનું વેચાણ પણ નહી થતું હોવાથી તેમજ બાકી પેમેન્ટ આવવામાં પણ સામાન્ય સંજોગો કરતા વધારે સમય લાગી રહયો છે. આવા સંજોગોમાં મોટા ભાગના ધંધા – વ્યવસાયમાં નાણાંકીય ખેંચ અનુભવાઇ રહી હોવાથી ચેમ્બર દ્વારા ઉપરોકત રજૂઆત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આરબીઆઇ દ્વારા તા. ૭ એપ્રિલ ૨૦૨૧ના રોજ ગત વર્ષે કોવિડ– ૧૯ના સંજોગોમાં આપેલ એનપીએ નોર્મ્સમાં છુટને પાછી ખેંચવામાં આવેલ હતી.